Wednesday
17.07.2024
*Volume :8 * Issue No.357
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...
# કમલમ્
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily
RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,
*Managing Editor: Arjun Sondarva
* Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 * Page :04 * Rs. 00.25/- * Annual Rs. 90/-

# સહકારથી સમૃદ્ધિ: બે જિલ્લાઓમાં સફળતા બાદ હવે રાજ્યના તમામ જિલ્લાઓમાં 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પહેલ શરૂ કરશે ગુજરાત સરકાર

## 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પહેલ હેઠળ બનાસકાંઠા અને પંચમહાલની જિલ્લા સહકારી બેંકોમાં ૪ લાખથી વધુ નવા ખાતા ખૂલ્યા અને થાપણોમાં ૯૬૬ કરોડનો વધારો થયો



## બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લાની સહકારી સંસ્થાઓમાં ૧૭૦૦થી વધુ માઇક્રો ATM પણ લગાવવામાં આવ્યા

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે રાજ્યના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં પાયલટ પ્રોજેક્ટ તરીકે 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પહેલ લાગુ કરી હતી, જેની સફળતા બાદ હવે આ પહેલને રાજ્યના બાકીના તમામ જિલ્લાઓમાં લાગુ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

ઉલ્લેખનીય છે કે આ નવી પહેલના સફળ પ્રયોગને કારણે બનાસકાંઠા અને પંચમહાલની જિલ્લા સહકારી બેંકોમાં સહકારી મંડળીઓ અને તેમના સક્રિય સભ્યો દ્વારા ૪ લાખથી વધુ નવા ખાતા ખોલવામાં આવ્યા છે, જેના પરિણામ સ્વરૂપે સહકારી બેંકોની થાપણોમાં ૯૬૬ કરોડનો વધારો થયો છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝન હેઠળ દેશભરમાં સહકારી સંસ્થાઓને મજબૂત કરવા માટે સહકાર મંત્રાલયની સ્થાપના કરી હતી.

કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ સહકાર ક્ષેત્રમાં અવનવા પ્રયોગો કરવામાં આવી રહ્યા છે. આવા જ એક પાયલટ પ્રોજેક્ટ તરીકે ગુજરાતના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પહેલ શરૂ કરવામાં આવી હતી, જે ખૂબ જ સફળ રહી છે. સહકાર ક્ષેત્રની આ નોંધપાત્ર સિદ્ધિ અંગે ગુજરાતના સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ''મજબૂત સહકારી ક્ષેત્ર 'વિકસિત ગુજરાત'ના પાયામાં મજબૂત આધારસ્તંભ સાબિત થઈ શકે છે, જે આપણને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝન 'વિકસિત ભારત @2047'ને સાકાર કરવામાં મદદરૂપ સાબિત થશે.''

**'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પહેલ શું છે?**

આ પહેલનો ઉદ્દેશ ગુજરાતની હજારો સહકારી મંડળીઓના બેંક ખાતાઓ અને થાપણોને જિલ્લા અને રાજ્ય સહકારી બેંકોના નેજા હેઠળ કેન્દ્રીયકરણ કરીને તેમની વચ્ચે સહકાર વધારવાનો છે. આમાં, વિવિધ કોમર્શિયલ બેંકોમાં કાર્યરત સહકારી સંસ્થાઓ અને તેમના સભ્યોના વર્તમાન બેંક ખાતાઓને એકીકૃત કરવામાં આવ્યા છે અને કેન્દ્રીયકૃત જિલ્લા સહકારી બેંક/રાજ્ય સહકારી બેંક હેઠળ લાવવામાં આવ્યા છે. કેન્દ્રીયકૃત બેંક હેઠળ સહકારી સંસ્થાઓની સામૂહિક મૂડીને એકીકૃત કરવાના ઘણા મહત્વપૂર્ણ પરિણામો જોવા મળ્યા છે. ઉદાહરણ તરીકે, કેન્દ્રીયકૃત સહકારી બેંકની થાપણોમાં નોંધપાત્ર વધારો થયો છે,

સહકારી મંડળીઓમાં નાણાકીય પ્રવાહીતા વધી છે, જેના કારણે લોન સંબંધિત જરૂરિયાતો અને માંગણીઓ હવે સરળતાથી પૂરી થઈ શકે છે. આ ઉપરાંત, આ પહેલ હવે સુનિશ્ચિત કરશે કે સહકારી સંસ્થાઓની સામૂહિક મૂડીનો ઉપયોગ અન્ય સહકારી સંસ્થાઓ દ્વારા પણ કરી શકાય.

**બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લાઓમાં સફળ રહ્યો 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પાયલટ પ્રોજેક્ટ**

જૂન ૨૦૨૩ અને જાન્યુઆરી ૨૦૨૪ની વચ્ચે, ગુજરાતે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહની પરિકલ્પનાને અનુસરતા બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પહેલ શરૂ કરી હતી.

આ સમયગાળા દરમિયાન, દૂધ સંઘો સાથે સંલગ્ન ૧૦૪૮ દૂધ મંડળીઓના પ્રવર્તમાન બેંક ખાતાઓ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો સાથે એકીકૃત કરવામાં આવ્યા અને વધારાનું ભંડોળ તેમના નવા બેંક ખાતાઓમાં સંપૂર્ણપણે ટ્રાન્સફર કરવામાં આવ્યું.

બંને જિલ્લાની સહકારી બેંકોમાં ૪.૭ લાખથી વધુ નવા બચત ખાતા ખોલવામાં આવ્યા, જેના કારણે આ બેંકોની હાલની થાપણોમાં ૯૬૬ કરોડનો વધારો થયો. આ પહેલ હેઠળ સહકારી સંસ્થાઓ અને સક્રિય સભ્યોને કુલ ૩.૩૨ લાખ RuPay ડેબિટ કાર્ડ પણ જારી કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ગ્રામ્ય સ્તરે બેંકિંગ સુવિધાઓ અને નાણાકીય પ્રવાહીતા વધારવા માટે, આ જિલ્લાઓમાં કુલ ૧૭૩૬ મંડળીઓ, જેમાં દૂધ સંઘો સાથે સંકળાયેલી અગ્રણી દૂધ મંડળીઓનો પણ સમાવેશ થાય છે, તેમને 'બેંક મિત્ર' બનાવી તેઓને માઈક્રો ATM (પોઈન્ટ ઓફ સેલ મશીન) પૂરા પાડવામાં આવ્યા છે. એટલું જ નહીં, આ સહકારી સંસ્થાઓ પર્યાપ્ત આવક મેળવે તે સુનિશ્ચિત કરવા માટે કમિશનના દરો પણ નક્કી કરવામાં આવ્યા છે, જે માઈક્રો- ATMના અસરકારક ઉપયોગને પ્રોત્સાહિત કરશે. આ પહેલ હેઠળ, સભ્યો દ્વારા નાણાકીય સેવાઓ મેળવવામાં આવતા પડકારોને ધ્યાનમાં રાખીને, સહકારી મંડળીઓ સાથે સંકળાયેલા ૧૬૩૧થી વધુ કર્મચારીઓને માઈક્રો- ATMના સંચાલન, રોકડ ઉપાડ અને થાપણો સહિત ડિજિટલ વ્યવહારો પર વિશેષ તાલીમ આપવામાં આવી છે.

**'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' મૉડલ સમગ્ર ગુજરાતમાં લાગુ કરવામાં આવશે**

બનાસકાંઠા અને પંચમહાલમાં આ પાયલટ પ્રોજેક્ટની સફળતા બાદ રાજ્ય સરકારે તમામ જિલ્લાની સહકારી સંસ્થાઓમાં તેનો અમલ કરવાનો નિર્ણય લીધો છે. આ પહેલના અમલીકરણ બાદ જિલ્લા સહકારી બેંકો ગ્રામ્ય સ્તરે તેમની સેવાઓનું વિસ્તરણ કરી શકશે અને એ સુનિશ્ચિત કરી શકશે કે ગુજરાતની સહકારી સંસ્થાઓની મૂડી સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા સભ્યો અને અન્ય સહકારી સંસ્થાઓને નાણાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં ઉપયોગી બને.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂર્વઝોનના વિરાટનગર વોર્ડમાં નવીન તૈયાર કરવામાં આવનાર સબઝોનલ ઓફિસનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો

## અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈનના હસ્તે વિરાટનગર વોર્ડમાં નિર્માણ પામનાર સબઝોનલ ઓફિસનું કરાયું ખાતમુહૂર્ત









## સબઝોનલ ઓફિસમાં વિવિધ વિભાગોના નિર્માણથી વિસ્તારના નાગરિકોને લાભ થશે: મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂર્વઝોનના વિરાટનગર વોર્ડમાં નવીન તૈયાર કરવામાં આવનાર સબઝોનલ ઓફિસનું ખાતમુહૂર્ત અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈનના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ઓફિસ વિરાટનગર વોર્ડના ટીપી સ્કીમ નંબર ૪૯ (પૂર્વ રખિયાલ) એફપી નંબર - ૪માં તૈયાર કરવામાં આવશે. આ સબઝોનલ ઓફિસ ૧૪૦૧.૯૮ સ્કવેર મીટરના વિસ્તારમાં કુલ ૬ કરોડ ૭૬ લાખ ખર્ચે નિર્માણ પામશે. આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈને જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિર્માણ પામનાર વિરાટનગર વોર્ડની નવીન સબઝોનલ ઓફિસમાં વિવિધ વિભાગો જેવા કે સિવિક સેન્ટર વિભાગ, ઈજનેર વિભાગ અને ટેક્સ વિભાગનું નિર્માણ કરવામાં આવશે જેથી વિસ્તારમાં રહેતા નાગરિકોને તેનો સીધો લાભ મળી રહેશે તેમજ આ વોર્ડ નિર્માણનું કાર્ય સત્વરે પૂર્ણ કરી લોકાર્પણ કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું. આ કાર્યક્રમમાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગ દાણી, મ્યુનિસિપલ શાસક પક્ષના નેતા શ્રી ગૌરાંગભાઈ પ્રજાપતિ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.


**૧૪૦૧.૯૮ સ્કવેર મીટરના વિસ્તારમાં રૂપિયા ૬ કરોડ ૭૬ લાખના ખર્ચે નિર્માણ પામશે સબઝોનલ ઓફિસ**

## તંત્રી સ્થાનેથી......

રાજ્યમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા વરસાદના પરિણામે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં જળસંગ્રહ ૫૨ ટકાને પાર કરી ગયો છે. સરદાર સરોવરમાં હાલમાં ૧,૭૫,૬૬૨ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૫૨.૫૮ ટકા જેટલો જળસંગ્રહ જ્યારે રાજ્યના કુલ ૨૦૬ જળાશયોમાં ૧,૯૧,૬૪૦ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૩૪.૨૧ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે તેમ, જળ સંપતિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે. આજે સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ સૌરાષ્ટ્ર વિસ્તારમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા અનારાધાર વરસાદના પરિણામે ત્રણ જળાશયો સંપૂર્ણ છલકાયા છે. જેમાં જામનગર જિલ્લાનો વાગડીયા અને સસોઈ-૨ ડેમ તથા સુરેન્દ્રનગર જિલ્લાનો વાંસલ ડેમ ૧૦૦ટકા ભરાતા હાઈ એલર્ટ અપાયું છે. આ સિવાય રાજ્યના પાંચ ડેમ ૮૦ ટકાથી ૯૦ ટકા ભરાતા એલર્ટ પર છે જેમાં જૂનાગઢના ઓઝત-૨ અને બાંટવા-ખારો ડેમ, મોરબીના ગોડાધ્રોઈ, રાજકોટના ભાદર-૨ તથા ભરૂચના ધોલી ડેમને એલર્ટ અપાયું છે. રાજ્યના કુલ સાત જળાશયો ૭૦ ટકાથી ૮૦ ટકા વચ્ચે ભરાતા વોર્નીંગ આપવામાં આવી છે જેમાં જામનગર જિલ્લાના ફુલઝર-૧, સુરેન્દ્રનગરના ધોળીધજા, ભરૂચના બલદેવા, કચ્છના કાલાઘોઘા, પોરબંદરના સારણ, રાજકોટના આજી-૨ તથા જામનગરના ફુલઝર (કે.બી.) ડેમનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ઉત્તર ગુજરાતના કુલ ૧૫ જળાશયોમાં ૨૫.૪૨ટકા, મધ્ય ગુજરાતના ૧૭માં ૩૭.૨૪ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૩૭.૭૮ ટકા, કચ્છના ૨૦માં ૨૨.૬૭ટકા, જ્યારે સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૨૭.૭૫ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે એટલે કે, વર્ષ ૨૦૨૩માં આજના દિવસે ઉત્તર ગુજરાતના કુલ ૧૫ જળાશયોમાં ૬૦.૧૪ટકા, મધ્ય ગુજરાતના ૧૭માં ૩૩.૬૪ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૪૦.૬૬ ટકા, કચ્છના ૨૦માં ૬૩.૮૫ ટકા, જ્યારે સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૬૨.૩૨ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો હતો. તેમ, જળ સંપતિ વિભાગની યાદીમાં વધુમાં જણાવ્યું છે.

# વલસાડતાલુકાના પ્રા.આ.કે.ઘરાસણા, સબ સેન્ટર સોનવાડા અને વાસણ આયુષ્માન કેન્દ્રને NQAS પ્રમાણપત્ર એનાયત

### જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૮ આયુષ્યમાન આરોગ્ય મંદિરને NQAS પ્રમાણપત્ર મળ્યા



કમલમ્ ન્યુઝ,વલસાડ

ભારતસરકારના આરોગ્ય અનેપરિવાર કલ્યાણમંત્રાલય દ્વારા વલસાડ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ધરાસણા, સબ સેન્ટર સોનવાડા અને વાસણના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરને નેશનલ ક્વોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ એક્રિડીટેશન રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. જે બદલ રાષ્ટ્રીય સ્તરે વલસાડ જિલ્લાને ગૌરવ પ્રદાન થયું છે. ગત ફેબ્રુઆરી અને માર્ચ માસ દરમિયાન રાષ્ટ્રીય સ્તરની ટીમ વિવિધ માપદંડોના મૂલ્યાંકન માટે વલસાડ આવી હતી. જેમાં વલસાડ તાલુકાના ધરાસણા, સોનવાડા અને વાસણ ગામના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં વિવિધ સર્વિસ પેકેજ જેવા કે, સગર્ભા માતાની પ્રસુતિ, પ્રસુતિ પછીની સારસંભાળ, નવજાત શિશુ અને ૧ વર્ષથી નાના બાળકના આરોગ્યની સંભાળ, રસીકરણ સહિત બાળ સંભાળ અને કિશોર કિશોરીઓને લગતી પુરતી આરોગ્ય સેવા, કુટુંબ કલ્યાણને લગતી સેવાઓ તેમજ તેને સંલગ્ન આરોગ્ય સેવાઓ, સામાન્ય બિમારીઓના ઉપચાર, રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમોનું સઘન સંચાલન જેમાં સંચારી રોગચાળા સંબંધિત પ્રોગ્રામ અમલીકરણ, ડાયાબીટીસ, હાયપર ટેન્શન, કેન્સર જેવા નોન કોમ્યુનિકેબલ રોગોનું નિદાન અને સારવાર, આંખ, કાન, નાક તથા ગળાને લગતી બિમારી અને રોગોનું સ્ક્રીનીંગ નિદાન તેમજ સારવાર, દાંતના આરોગ્યને સંબંધિત સેવાઓ, માનસિક આરોગ્યને લગતી બિમારીઓનું નિદાન તેમજ સારવાર, વધુ વય ધરાવતા વ્યકિતઓ માટે ઉંમર સંલગ્ન સારવાર તેમજ ઈમરજન્સી સેવાઓ સાથે સાથે કાર્યક્રમો તથા જનરલ એડમિનિસ્ટ્રેશન, ફાઈનાન્સને લગતી વિવિધ બાબતો તથા આરોગ્યને લગતી વિવિધ સુવિધાઓનું ચેકિંગ રાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાંતો દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ દર્દીને સેવી રીતે સારવાર આપવામાં આવે છે, દર્દીને સરકારી સેવાથી સંતોષ છે કે કેમ, અધિકારી અને કર્મચારીઓનું આરોગ્યલક્ષી જ્ઞાન, સરકારના નિયમ મુજબ રેકર્ડ ચકાસણી કરવામાં આવી હતી. ચકાસણી કર્યા બાદ ધરાસણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૮૩ ટકા, સોનવાડા આયુષ્માન આરોગ્ય કેન્દ્રને ૮૯ ટકા અને વાસણ આયુષ્માન આરોગ્ય મંદિરને ૭૭ ટકા સાથે એન.ક્યુ.એ.એસ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. આ સન્માન બદલ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.કે.પી.પટેલ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. વિપુલ ગામિત તેમજ સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આરોગ્ય કર્મીઓને અભિનંદન પાઠવ્યામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, વલસાડ જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૮ આયુષ્યમાન આરોગ્ય મંદિર મળી કુલ ૧૮ ને રાષ્ટ્રીય કક્ષાનું એનક્યુએએસ પ્રમાણપત્ર એનાયત થઈ ચૂક્યા છે. તેમજ અત્યાર સુધીમાં જિલ્લાના કુલ ૨૮ આરોગ્ય કેન્દ્રોને રાજ્ય કક્ષાના પ્રમાણપત્ર મળ્યા છે.

# ચાલો રકતપિત્ત સામે લડીએ અને રકતપિત્તને ઈતિહાસ બનાવીએ

### વલસાડ જિલ્લામાં લેપ્રસી દર્દી શોધ અભિયાન કાર્યક્રમ પૂર્ણ, રક્તપિત્તના નવા ૨૧૪ દર્દી શોધી કઢાયા





કમલમ્ ન્યુઝ,

સમાજમાંથી રક્તપિત નાબૂદ કરવાના હકારાત્મક અભિગમ સાથે વલસાડ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાની જિલ્લા રકતપિત્ત કચેરી દ્વારા કુટુંબ અને દેશને રક્તપિત્તથી મુકત કરવાની દિશામાં સતત ૨૩ દિવસ સુધી લેપ્રેસી કેસ ડિટેકશન કેમ્પેઈન (રકતપિત દર્દી શોધ અભિયાન) હાથ ધરાયું હતું. જે અંતર્ગત જિલ્લાની પ્રજાના આરોગ્ય માટે સતત કટિબદ્ધ એવા આરોગ્ય ખાતાની ટીમ દ્વારા જિલ્લાના વિવિધ ગામોમાં ઘરે-ઘર જઈ લોકોની તપાસ કરતા રક્તપિત્તના કુલ ૧૦૯૫ શંકાસ્પદ દર્દી મળી આવ્યા હતા. જેમાંથી રક્તપિતના નવા ૨૧૪ દર્દીને શોધી કાઢી તમામની વિનામૂલ્યે સારવાર શરૂ કરી દેવાઈ છે. "ચાલો રકતપિત્ત સામે લડીએ અને રકતપિત્તને ઈતિહાસ બનાવીએ" ના નારા સાથે વલસાડ જિલ્લામાં તા. ૧૦ જુન ૨૦૨૪ થી તા. ૨ જુલાઈ ૨૦૨૪ સુધી લેપ્રેસીકેસ ડિટેકશન કેમ્પેઈન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આશા વર્કર અને એક પુરુષ વોલન્ટીયર મળી કુલ ૧૭૩૦ જેટલી ટીમો બનાવવામાં આવી હતી. તેમના દ્વારા ઘરે ઘરે સર્વે કરી રક્તપિતના લક્ષણો ધરાવતા દર્દીઓને શોધી કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન જિલ્લામાંથી શંકાસ્પદ રકતપિતના ૧૦૯૫ દર્દીઓ મળી આવ્યા હતા. જેમાંથી રક્તપિતના નવા કુલ ૨૧૪ દર્દીઓ શોધી કાઢવામાં આવ્યા હતા. જેમાં ૧૧૪ દર્દીઓ ચેપી રકતપિતના અને ૧૦૦ દર્દીઓ બિન ચેપી રકતપિતના મળી આવ્યા હતા. જ્યારે બાળ દર્દીઓની વાત કરીએ તો, કુલ ૨૧૪માંથી ૪ બિનચેપી અને ૩ ચેપી રકતપિતના કુલ ૭ બાળ દર્દી મળતા આ તમામની સારવાર શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લામાં સૌથી વધુ ૩૨ ચેપી દર્દી કપરાડામાંથી અને સૌથી વધુ ૩૭ બિનચેપી દર્દી ધરમપુરમાંથી મળી આવ્યા હતા. જ્યારે સૌથી ઓછા ૮ ચેપી દર્દી વલસાડ તાલુકામાંથી અને સૌથી ઓછા માત્ર ૩ બિન ચેપી દર્દી પારડી તાલુકામાંથી મળી આવ્યા હતા. જેના પરથી જણાઈ છે કે, હવે વલસાડ જિલ્લા રક્તપિત નાબૂદીના પંથે આગળ જઈ રહ્યો છે. બોક્ષ મેટર પરંપરાગત ભવાઈના કાર્યક્રમથી લોકોમાં વધુ જનજાગૃતિ કેળવાઈ: ડો. સંજય કુમાર જિલ્લા રકતપિત કચેરીના ડિસ્ટ્રિક્ટ ન્યૂકિલયસ મેડિકલ ઓફિસર ડો. સંજય કુમારે જણાવ્યું કે, લેપ્રસી ડિટેકશન કેમ્પેઈનની કામગીરીનો શુભારંભ ગામના સરપંચશ્રી તેમજ અન્ય આગેવાનો દ્વારા કરવામાં આવતા સમગ્ર અભિયાન દરમ્યાન લોકોનો ખૂબ સાથ સહકાર મળતા આ સારી કામગીરી થઈ શકી છે. આ સિવાય જાહેર સ્થળો એસટી ડેપો તેમજ હટવાડામાં જ્યાં મોટી સંખ્યામાં લોકોની અવરજવર હોય ત્યાં જિલ્લા રકતપિત્ત અધિકારીશ્રીની કચેરી દ્વારા પરંપરાગત ભવાઈના કાર્યક્રમ દ્વારા સ્થાનિક ભાષામાં જન જાગૃતિ કેળવવામાં આવી હતી. જેને બહોળો પ્રતિસાદ મળ્યો હતો. બોક્સ મેટર આ રોગ નિયમિત સારવારથી સંપૂર્ણપણે મટી શકે છે: જિલ્લા રક્તપિત અધિકારી જિલ્લા રકતપિત અધિકારી ડો.જયશ્રીબેન ચૌધરીએ જણાવ્યું કે, રકતપિત જંતુજન્ય રોગ છે. જેનું નિદાન અને સારવાર દરેક સરકારી દવાખાનામાં વિનામૂલ્યે કરવામાં આવે છે. જિલ્લામાં હાલ રક્તપિત્તના નવા ૨૧૪ દર્દી શોધવામાં સફળતા મળી છે. જેમની સારવાર શરૂ કરી દેવાઈ છે. આ રોગ સંપૂર્ણપણે મટી શકે છે પરંતુ નિયમિત સારવાર લેવી પડે છે. ચેપી રકતપિતમાં ૧૨ માસ એટલે એક વર્ષ અને બિનચેપી રકતપિતમાં ૬ માસની સારવારની જરૂર છે.

# રૂ. ૭.૫ કરોડના સ્વખર્ચે ખેતીની પિયત માટે જળસિંચન મંડળી બનાવી સાજડીયાળીના ૨૦૦થી વધુ ખેડૂતોએ સમૃદ્ધિ તરફ કર્યું પ્રયાણ

### સહકારથી સમૃદ્ધિ તરફ અગ્રેસર જામકંડોરણા તાલુકાના ધરતીપુત્રો





કમલમ્ ન્યુઝ,

સહકારિતા ક્ષેત્રએ દેશના અર્થતંત્રનો સૌથી મજબૂત સ્તંભ છે. ભારત દેશમાં સહકારિતાએ કોઈ નવો વિચાર નથી. આજથી ૧૨૫ વર્ષ પહેલા મહાત્મા ગાંધી, સરદાર પટેલ, ગાડગીલજી, વૈકુંઠભાઈ મહેતા, ત્રિભોવનદાસ પટેલ જેવા અનેક મહાનુભાવોએ દેશમાં સહકારિતાની શરુઆત કરી હતી. પરંતુ એક સમય આવ્યો જ્યારે સહકારિતા અંદોલન મંદ પડી ગયું. આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકાર પ્રવૃત્તિને ફરી વેગવાન બનાવવા અલાયદા સહકારિતા મંત્રાલયની શરૂઆત કરીને સહકારી આંદોલનને ફરી વેગ આપ્યો છે. આજે સહકારિતા આંદોલન ગ્રામીણ અને કૃષિ અર્થવ્યવસ્થા સહિત દેશમાં અનેક ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે. સહકારથી સમૃદ્ધિ મેળવવા આજે ભારતમાં દરેક ક્ષેત્રમાં સહકારી મંડળીઓ કાર્યરત છે. અત્યારે રાજકોટ જિલ્લામાં જામકંડોરણા તાલુકામાં આવેલા સાજડીયાળી ગામના ખેડૂતોએ શ્રીનાથજી સહકારી પિયત મંડળીની સ્થાપના કરી સહકારથી વિકાસનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. શ્રીનાથજી જળસિંચન સહકારી મંડળી લી. અંતર્ગત કુલ ૩ પેટા મંડળીઓ કાર્યરત છે. આ મંડળીમાં સાજડીયાળી ગામના આશરે ૨૩૭ જેટલા ખેડૂતો જોડાયેલા છે. આ મંડળીના ત્રણ યુનિટ દ્વારા આશરે ૧૦ કિલોમીટર જેટલી લાંબી ૧૯ પાઈપલાઈન બીછાવી, ફોફળ ડેમથી આ લાઈન મારફત આ ખેડૂતોને પોતાના ખેતરે જ સિંચાઈ માટે પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. રૂ.૭.૭૫ કરોડના સ્વખર્ચે, ૨૩૭ ખેડૂતોએ મંડળીના નિર્માણમાં સક્રિય ફાળો આપ્યો છે. આ માટે એક લાઈન દીઠ બે ખેડૂતો સ્વેચ્છાએ પાણીની મોટર ચાલુ કરવાથી માંડી, ઈલેકટ્રીક કામ, લાઈનમાંથી કાપકચરો કાઢવા અને પાણી પહોંચાડવા સુધીની તમામ પ્રક્રિયાઓમાં જોડાયેલા રહે છે. આ મંડળીના કારણે આજે સાજડીયાળી ગામની ૫૮૯ હેકટર જમીનને ત્રણેય ઋતુમાં સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહ્યું છે. જામકંડોરણા તાલુકો વર્ષોથી પાણીની અછતનો ભોગ બની રહ્યું છે. કુદરતી રીતે ભૂગર્ભજળ પણ ખૂબ ઓછું હોવાને કારણે ખેડૂતો માત્ર ચોમાસાની એક ઋતુનો પાક પણ માંડ લઈ શકતા હતા જ્યારે આજે આ મંડળીના કારણે ત્રણેય ઋતુના પાક લઈ ખેડૂતો સમૃદ્ધ બની રહ્યા છે. મંડળી સાથે જોડાયેલા ભીખાભાઈ બોઘરા કહે છે કે, હું ગામમાં ૧૭ વીઘામાં ખેતી કરું છું, જેમાં મને સિંચાઈ માટે આ મંડળી દ્વારા વારા મુજબ પાણી આપવામાં આવે છે. અમે સૌ ખેડૂતો ખૂબ સારૂ ઉત્પાદન કરીએ છીએ. પહેલા અમારે પાણીની લાઈન ન હતી ત્યારે ડેમની પાછળના ભાગમાં જમીન હોવાને કારણે ડેમના પાણીનો અમને કોઈ લાભ મળતો નહીં....આજે આશરે ૧૦ કિલોમીટર લાંબી લાઈનથી મારા ખેતરે પાણી પહોંચે છે અને હું ત્રણેય ઋતુના પાક લઉં છું. ખાસ કરીને સૌની યોજનાથી અમારો ફોફળ ડેમ જોડાઈ જતા હવે પાણીની કોઈપણ મુશ્કેલી રહેતી નથી. ડેમ પૂરો ભરાયેલ રહેતો હોવાથી અમને પાણીનો પૂરો લાભ મળે છે જેથી આજે અમારો સૂકો વિસ્તાર પાણીદાર બન્યો છે. તો જામકંડોરણાના સહકારી અગ્રણી અને મંડળીના પ્રમુખશ્રી ગોવિંદભાઈ રાણપરીયાએ જણાવ્યું હતું કે, ખેડૂત પાણી માટે હંમેશા ચિંતિત હોય છે. ઘણીવાર માત્ર એક પિયત ન મળવાથી પણ પાક સુકાઈ જતા નિષ્ફળ જતો હોય છે ત્યારે મંડળીના નિર્માણથી ખેડૂતોમાં પાણીનો પ્રશ્નનો કાયમી હલ મળ્યો છે. ખેડૂતોને ડેમ પરથી વારા મુજબ સાત વખત પાણી આપવામાં આવી રહ્યું છે, જેના કારણે વિસ્તારમાં ખેડૂતો ખૂબ સારી ખેતી કરી રહ્યા છે. ગામમાં આશરે ઘણા નાના અને સીમાંત ખેડૂતો પણ છે. જેઓને પાણીની જરૂરિયાત હોય છે પણ તેઓ મોટો ખર્ચ કરી શકતા નથી ત્યારે આ મંડળી સાથે જોડાઈને આવા નાના અને સીમાંત ખેડૂતોને પણ ખેતરે પાણી પહોંચતા એમાં ખૂબ લાભ થયો છે. મંડળીના નિર્માણથી ખેડૂત સારી રીતે ખેતી કરી શકતા પરિવારનો આર્થિક નિર્વાહ, બાળકોના શિક્ષણનો ખર્ચ અને સામાજિક નિર્વાહ માટે જરૂરી સગવડોનુ નિર્માણ શકય બન્યું છે. ગુજરાત રાજ્ય ઉદવહન પિયત સહકારી સંઘના ચેરમેન શ્રી દેવશીભાઈ સવસાણીએ જણાવે છે કે, રાજ્ય ઉદવહન પિયત સહકારી સંઘ અંતર્ગત ગુજરાતમાં સિંચાઈ માટેની આશરે ૩૨૫થી વધુ સહકારી મંડળીઓ નોંધાયેલી છે. જેમાં એકમાત્ર ફોફળ ડેમ પર જ અંદાજે ૨૭થી વધુ મંડળીઓ કાર્યરત છે. માત્ર રાજકોટ જિલ્લામાં જ અંદાજે ૭૫થી વધુ પિયત (સિંચાઈ) મંડળીઓ કાર્યરત છે. હાલ રાજ્યમાં ૧૦૦થી વધુ પિયત મંડળી બનાવવાની કામગીરી શરૂ છે. એક સહકારી પિયત મંડળી થકી એક ગામ સમૃદ્ધિના માર્ગે આગળ વધી રહ્યું છે. ગામના લોકો પણ ખેતી માટે પૂરતું પાણી મળતા હવે તેઓના બાળકો - યુવાપેઢી પણ ગામમાં રહી ખેતીને પ્રાધાન્ય આપી રહી હોવાથી હર્ષ વ્યક્ત કરે છે.

# ડાંગ જિલ્લાના સુબિર તાલુકાના હિંદળા ગામમાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઈ



કમલમ્ ન્યુઝ,

રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અને વધારેમાં વધારે ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે છેલ્લા ચાર વર્ષથી રાજ્ય સરકાર દ્વારા, તથા રાજયપાલશ્રીના માર્ગદર્શન હેઠળ આ બાબતે ઝુંબેશના રૂપમાં કામગીરી કરવામાં આવી રહી છે. ચાલુ વર્ષના અંત સુધીમાં રાજયમાં ૨૦ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તથા દરેક ગ્રામ પંચાયતમાં એક મોડલ ફાર્મ તૈયાર કરવાનો નિર્ધાર રાજ્ય સરકારશ્રીનો છે. જે અંતર્ગત દરેક પાંચ ગ્રામ પંચાયત દીઠ કલસ્ટર બેઝ તાલીમમાં યોજવામાં આવી રહી છે. પ્રાકૃતિક કૃષિવિષયક બીજાં તબક્કાની તાલીમમાં ડાંગ જિલ્લાનાં સુબિર તાલુકાના હિંદળા ગામમાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઈ હતી. જેમાં કુલ-૨૯ ખેડુતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં માસ્ટર ટ્રેનર શ્રી પ્રદિપભાઈ એસ પાલવા, શ્રી અમુલભાઈ ગાવિત દ્વારા પ્રાકૃતિક ખેતીના મુખ્ય આયામો જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, વાફસા, ખાટી છાસ, ગૌ મૂત્ર, રાખના ઉપયોગ વિશે ખુબ ઊંડાણપૂર્વક માહિતી આપી, આ તમામ વસ્તુઓ પોતાના ઘરે કેવી રીતે બનાવવી અને તેનો ખેતીમાં ઉપયોગ કઈ રીતે કરી શકાય તેના વિશે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# કૃષિમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાના હેતુથી આણંદ કૃષિ યુનિવર્સિટીની મુલાકાત લેતું યુનિવર્સિટી ઓફ એગ્રિકચરલ સાયન્સ, કર્ણાટકનું પ્રતિનિધિમંડળ




કમલમ્ ન્યુઝ,આણંદ,

ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના પ્રતિષ્ઠિત RKVY RAFTAAR એગ્રીબિઝનેસ ઈક્યુબેટર પ્રોજેકટ માટે આણંદ કૃષિ યુનિવર્સિટીનું ઈક્યુબેશન સેન્ટર (AIC આણંદ) એ રાજ્ય-સ્તરનું કેન્દ્ર છે. જે દેશમાં કૃષિ ક્ષેત્રે નવીનતા અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે કાર્યરત છે.

કર્ણાટકના ધારવાડ ખાતે આવેલ યુનિવર્સિટી ઓફ એગ્રિકચરલ સાયન્સ (UAS) આ પ્રોજેકટના રાષ્ટ્રીય કક્ષાના નોલેજ પાર્ટનર છે.

જેના કુલપતિશ્રી ડૉ. પી.એલ.પાટીલ સહિત અન્ય વરિષ્ઠ અધિકારીઓના પ્રતિનિધિમંડળ દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટીની મુલાકાત લેવામાં આવી હતી. બન્ને સંસ્થાઓના પરસ્પર સહયોગ અને સંકલન થકી કૃષિક્ષેત્રમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને ઈનોવેશનને વેગ આપવાના હેતુથી આ મુલાકાત યોજાઈ હતી.

આ દરમિયાન યુનિવર્સિટી ઓફ એગ્રિકચરલ સાયન્સના પ્રતિનિધિ મંડળ દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે.બી. કથીરિયા, સંશોધન નિયામકશ્રી ડૉ. એમ. કે. ઝાલા, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. જે. કે. પટેલ, કુલસચિવશ્રી ડૉ. ગૌતમ પટેલ અને ફૂડ પ્રોસેસિંગ કૉલેજના ડીન ડૉ. સમિત દત્તા સાથે સ્ટાર્ટઅપને લગતા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી અને આણંદ કૃષિ યુનિવર્સિટીમાં આવેલ પ્લાન્ટ ટિશ્યૂ કલ્ચર લેબોરેટરી, સરદાર પટેલ એજ્યુકેશન મ્યુઝિયમ અને પેસ્ટિસાઈડ લેબોરેટરીની મુલાકાત લેવામાં આવી હતી.

આ પ્રસંગે યુનિવર્સિટી ઓફ એગ્રિકચરલ સાયન્સ, કર્ણાટકના કુલપતિશ્રી ડૉ.પી.એલ.પાટીલે આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે RKVY RAFTAAR એગ્રી બિઝનેસ ઈક્યુબેટર પ્રોજેકટ હેઠળના ૧૬૫ થી વધુ કૃષિ ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપી પ્રશિક્ષિત કરવાની નોંધપાત્ર પ્રગતિને બિરદાવી હતી. તેમજ મુલાકાત દરમિયાન યુનિવર્સિટી ઓફ એગ્રિકચરલ સાયન્સના પ્રતિનિધિમંડળ સમક્ષ આણંદ કૃષિ યુનિવર્સિટીના ઈક્યુબેશન સેન્ટર દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ પ્રવૃતિઓ અને નવીન પહેલ પર વિગતવાર પ્રેઝન્ટેશન આપી સ્ટાર્ટઅપ્સ માટે ટેકનોલોજીના વ્યાપારીકરણ અને માર્કેટિંગના મહત્વ જેવી બાબતો પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી.

# નડિયાદના ચકલાસી ગામ ખાતે પ્રાકૃતિક કૃષિ તાલીમ અંગે કિસાન ગોષ્ઠી યોજાઈ



કમલમ્ ન્યુઝ,

નડિયાદ તાલુકાના ચકલાસી ગામમાં આવેલ રાંદરી માતાના મંદિર ખાતે પાંચ ગામ પંચાયત દીઠ ક્લસ્ટર બેઝડ પ્રાકૃતિક કૃષિની તાલીમ અને કિસાન ગોષ્ઠી કાર્યક્રમ યોજાયો. જેમાં ચકલાસી સહિત આસપાસના ૧૫૦ થી વધુ ખેડૂત ભાઈબહેનો જોડાયા હતા. કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક ખેતી દ્વારા ખર્ચમાં ઘટાડો કરી આવકમાં વધારો કરવાના ઉપાયો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. સાથે જ પ્રાકૃતિક કૃષિ કરતા આગેવાન ખેડૂતો - શંકરભાઈ વાઘેલા, નીરજભાઈ પટેલ તેમજ પ્રાકૃતિક કૃષિના સંયોજક શ્રી મહેશભાઈ મકવાણા, સહ સંયોજક શ્રી હિતેન્દ્રસિંહ વાઘેલા વગેરે એ પોતાની ખેતીમાં પ્રાકૃતિક કૃષિ અંગેના પોતાના અનુભવો વિશે વાત કરી. આ પ્રસંગે આત્મા પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, નાયબ બાગાયત નિયામકશ્રી, વિસ્તરણ અધિકારીશ્રી (ખેતી) અને આત્માના કર્મચારીઓ સહિત ખેડૂત ભાઈઓ, બહેનો જોડાયા હતા.


# કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે કોએલિશન ઑફ એપિડેમિક પ્રિપેર્ડનેસ ઇનોવેશન્સ (CEPI) હેઠળ એશિયાનાં પ્રથમ સ્વાસ્થ્ય સંશોધન સંબંધિત "પ્રી-કિલનિકલ નેટવર્ક સુવિધા"નું ઉદઘાટન કર્યું


## ડો. જિતેન્દ્ર સિંહે સંશોધન અને વિકાસ માટે સંશોધન સંસ્થાઓ, યુનિવર્સિટીઓ અને ઉદ્યોગોને માઇક્રોબાયલ કલ્ચર્સ પ્રદાન કરવા માટે રિપોઝિટરી તરીકે કામ કરવા માટે આનુવંશિક રીતે વ્યાખ્યાયિત હ્યુમન એસોસિએટેડ માઇક્રોબાયલ કલ્ચર કલેક્શન (SR-હ્યુમિક) સુવિધાનું ઉદઘાટન કર્યું

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્ર સિંહે આજે ફરીદાબાદમાં "ટ્રાન્સલેશનલ હેલ્થસાયન્સ એન્ડ ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ" (THSTI)ના નેજાહેઠળ રિજનલ સેન્ટર ઓફ બાયોટેકનોલોજી ખાતે કોએલિશન ઓફ એપિડેમિક પ્રિપેર્ડનેસ ઈનોવેશન્સ (CEPI) હેઠળ એશિયાની પ્રથમ સ્વાસ્થ્ય સંશોધન સંબંધિત "પ્રી-ક્લિનિકલ નેટવર્ક ફેસિલિટી"નું ઉદઘાટન કર્યું હતું. કોએલિશન ફોર એપિડેમિક પ્રિપેર્ડનેસ ઈનોવેશન્સ (CEPI)એ BSL3 પેથોજેન્સને સંચાલિત કરવાની તેની ક્ષમતાના આધારે પ્રિ-ક્લિનિકલ નેટવર્ક લેબોરેટરી તરીકે બ્રિક-THSTIની પસંદગી કરી છે. તે સમગ્ર વિશ્વમાં આપ્રકારની લ્મીનેટવર્ક લેબોરેટરી હશે અને સમગ્ર એશિયામાં આ પ્રકારની પ્રથમ પ્રયોગશાળા હશે. અન્ય લેબ્સ યુએસએ, યુરોપ અને ઓસ્ટ્રેલિયામાં આવેલી છે. પ્રાયોગિક એનિમલ ફેસિલિટી એ દેશની સૌથી મોટી નાની પ્રાણી







સુવિધાઓમાંની એક છે, જે લગભગ ૭૫,૦૦૦ ઉંદરોની આવાસ ક્ષમતા ધરાવે છે, જેમાં રોગપ્રતિકારક શકિત સાથે ચેડા કરવામાંઆવેલાઉંદરોઅને અન્ય પ્રજાતિઓ જેમ કે ઉંદર, સસલા, હેમ્સ્ટર, ગિનિ પિગ વગેરેનો સમાવેશ થાય છે. કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો), પૃથ્વી વિજ્ઞાન રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો), MoS PMO, અણુઉર્જા વિભાગ અને અવકાશ વિભાગ કમલમ્ ન્યુઝ, MoS કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન ડો. જિતેન્દ્ર સિંહે પણ ઉદ્ઘાટન કર્યું. સંશોધન અને વિકાસ માટે સંશોધન સંસ્થાઓ, યુનિવર્સિટીઓ અને ઉદ્યોગોને માઈક્રોબાયલ કલ્ચર પ્રદાન કરવા માટે "રિપોઝીટરી" તરીકે કાર્ય કરવામાટે "આનુવંશિક રીતે વ્યાખ્યાયિત હ્યુમન એસોસિએટેડ માઈક્રોબાયલ કલ્ચર કલેક્શન (જી-હ્યુમિક) ફેસિલિટી". આ સુવિધા નોડલ રિસોર્સ સેન્ટર તરીકે સેવા આપશે જે શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલોઅને ઉદ્યોગો વચ્ચે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહન આપશે. તે દેશની અંદર સંશોધકોના ઉપયોગ માટે આનુવંશિક રીતે લાક્ષણિકતા ધરાવતા ચોક્કસ પેથોજેન-મુક્ત પ્રાણીઓ (ક્રાયોપ્રીઝર્વ્ડ એમ્બ્રોયો અને શુક્રાણુઓ સહિત)ના ભંડાર તરીકે પણ સેવા આપશે. ટ્રાન્સલેશનલ હેલ્થ સાયન્સ એન્ડ ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ (THSTI) એ બાયોટેકનોલોજી રિસર્ચ એન્ડ ઈનોવેશન કાઉન્સિલ (બ્રિક), ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી, વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય હેઠળની એક સંસ્થા છે, જેણે નિપાહ વાયરસ, ઈન્ફ્લ્યુએન્ઝા અને અન્ય શ્વસન રોગોમાંરસી વિકાસઅને સંશોધન માટે ખાનગી ક્ષેત્ર સાથે એક ડઝનથીવધુ કરારોઅને એમઓયુ પર હસ્તાક્ષર કરવાની સુવિધા આપી હતી. તે દેશમાં નવીન અને અત્યાધુનિક મૂળભૂત સંશોધનની સુવિધા પણ આપશે, દવા અને રસીનાં ઉમેદવારોનાંપરીક્ષણ માટે ટ્રાન્સલેશનલ સંશોધનને ટેકો આપશે, રોગની પ્રગતિ/સમાધાનનાં બાયોમાર્કર્સને ઓળખશે તથા ઉદ્યોગ અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાણ સાથે વિવિધ શાખાઓ અને વ્યવસાયોમાં સંશોધન જોડાણને પ્રોત્સાહન આપશે. THSTIના ૧૪મા સ્થાપના દિવસ પ્રસંગે ડો. જિતેન્દ્ર સિંહે THSTIની શરૂઆતથી અત્યાર સુધીની સફરનો ચિતાર આપ્યો હતો. તેમણે ડૉ. એમ. કે. ભાન અને આ સુવિધા શરૂ કરવાનાં તેમનાં પ્રયાસોને પણ યાદ કર્યા હતાં. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "૧૪ વર્ષના ખૂબ જ ટૂંકા ગાળામાં, સંસ્થાએ ઘણા સીમાચિહ્નો હાંસલ કર્યા છે અને કોવિડરોગચાળા સાથે સમગ્રમાં ઉપરનોગ્રાફ રહ્યોછે જેણે તેની ટોચને ચિહ્નિતકરી હતી અને તેના મહત્વને સમજ્યું હતું, આ સંસ્થાના પ્રયત્નોને માન્યતા આપી હતી." તેમણે એ બાબત પર પણ પ્રકાશ પાડ્યો હતો કે, બાયો-ટેકનોલોજી વિભાગ પણ બહુ જૂનો નથી. મંત્રીએ સંસાધનોની અછત હોવા છતાં ડીબીટીની સતત પ્રગતિની પ્રશંસા કરી હતી. તેમણે ઓફિસનાઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે અંગે વિભાગની જરૂરિયાતોને દબાવવા

**ડો. જીતેન્દ્ર સિંહની આગેવાની હેઠળના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય હેઠળના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા રસીના વિકાસ માટે ખાનગી ક્ષેત્ર સાથે એક ડઝનથી વધુ કરારો અને એમઓયુ પર હસ્તાક્ષર કર્યા**

અને ટેકો આપવાની ખાતરી પણ આપી હતી. વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રીએ કોવિડ રોગચાળા અને રસીના વિકાસમાં સંસ્થા દ્વારા ભજવવામાં આવેલી મુખ્ય ભૂમિકાપર ભારમૂક્યો હતો, જેને ભારતમાં કટોકટીના ઉપયોગની મંજૂરીઆપવામાંઆવી હતી. તેમણે કહ્યુંહતુંકે, "ભારતને નિવારક આરોગ્યસંભાળમાં ફ્રન્ટ લાઈન રાષ્ટ્ર તરીકે માન્યતા આપવામાં આવી છે," ડીબીટીમાં રસીના વિકાસ અને સંશોધન પર ભાર મૂક્યોહતો. ડૉ. જિતેન્દ્રસિંહે સમકાલીન આરોગ્યના મુદ્દાઓના કેટલાક પડકારોપણ શેરકર્યાહતા. તેમણે પોતે એન્ડોક્રિનોલોજિસ્ટ હોવાને કારણે ભારતીય વસ્તીમાં પ્રચલિત જીવનશૈલી સંબંધિત મેટાબોલિક રોગોના ભારપર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ટીબી મુક્ત ભારતનાં પ્રધાનમંત્રી મોદીનાં વિઝન પર પણ પ્રકાશ પાડ્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે, આપણે સૌએ તેમનાં પ્રયાસોમાં સામેલ થવુંજોઈએ. ડૉ.જિતેન્દ્રસિંહે નિપાહમોનોક્લોનલ એન્ટિબોડીઝ વિકસાવવામાં THSTI દ્વારા ભજવેલીભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે તાજેતરનું ઉદાહરણ તાત્કાલિક કાંગારૂ-માતાની સંભાળ પર ભાર મૂક્યો હતો, જે હવે શિશુ મૃત્યુદર ઘટાડવા માટે ડબ્લ્યુએચઓ દ્વારા ભલામણ કરવામાં આવેલી પ્રથા છે. આ કાર્યક્રમમાં ડો. રાજેશ ગોખલેના સેક્રેટરી ડીબીટી, ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના ડો.કે. શ્રીનાથરેડ્ડી અને THSTIનાડિરેક્ટર ડૉ.કથિકેયાન પણ ઉપસ્થિતરહ્યા હતા.

# રાજ્યમાં પ્રથમવાર યુ-ટ્યુબના માધ્યમથી છાત્રાલયોમાં પ્રવેશ માટેનું ઓનલાઈન મેરીટ પ્રસિધ્ધ કરતા મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા

## ૧૫૮ સરકારી છાત્રાલયોમાં કુલ ૧૯,૭૪૪ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે





**અમદાવાદ સમરસ છાત્રાલયમાં સૌથી વધુ ૧૮૨૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો**

કમલમ્ ન્યુઝ,

રાજ્ય સરકારે તમામ જાતિના બાળકોમાંશિક્ષણનો વ્યાપ વધે અને ગુણવત્તાસભર ઉચ્ચ શિક્ષણ મળી રહે તે માટે રાજ્યમાં સરકારીછાત્રાલયોશરૂ કરાવવામાં આવ્યા છે. આ છાત્રાલયોમાં ધો-૧૧ થી લઈ પી.એચ.ડી સુધીના અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રહેવા અને જમવાની ઉત્તમ સુવિધાઓ અને સગવડો સાથે પ્રવેશ આપવામાં આવે છે. તે અંતર્ગત આજે સામાજિક ન્યાયઅને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ ૧૫૮સરકારી અને સમરસછાત્રાલયોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપાવ્યો હતો. રાજ્યમાં પ્રથમવાર અનુસુચિત જાતી, અનુસુચિત જનજાતિ અને સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે સામાજિક ન્યાય અનેઅધિકારીતાવિભાગના મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ રાજ્યકક્ષા મંત્રીશ્રી ભીખુભાઈ પરમારની પ્રેરક ઉપસ્થિતિમાં યુ-ટ્યુબ દ્વારા લાઈવ ઓનલાઈન મેરીટ પ્રસિદ્ધ કરી ૧૫૮ સરકારી અને સમરસ છાત્રાલયોમાં ૧૯,૭૪૪ વિદ્યાર્થીઓને સરકારી અને સમરસ છાત્રાલયોમાં પ્રવેશ અપાવ્યો હતો. જેમાં અમદાવાદ ખાતેના સમરસ છાત્રાલયમાં ૧૮૨૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. આ મેરીટ પ્રસિદ્ધિ થયા બાદ મેરીટમાં આવનાર અનુસૂચિતજાતિ કલ્યાણહેઠળ ૭૮ કુમાર-કન્યાછાત્રાલયોના ૧૮૪૧ રિન્યુઅલ વિદ્યાર્થીઓ અને ૨૪૯૧ નવાવિદ્યાર્થીઓ, વિકસતી જાતિ કલ્યાણ હેઠળ ૫૯ કુમાર-કન્યા છાત્રાલયોના ૮૯૫ રિન્યુઅલ વિદ્યાર્થીઓઅને ૨૨૩૩ નવા વિદ્યાર્થીઓ તેમજ સમરસ છાત્રાલય સોસાયટી હેઠળના ૨૧ કુમાર-કન્યાછાત્રાલયોના ૪૬૩૬ રિન્યુઅલ વિદ્યાર્થીઓઅને ૭૬૪૮ નવા વિદ્યાર્થીઓ ને જરૂરી દસ્તાવેજોનુ વેરિફિકેશન કરી વર્ષ ૨૦૨૪-૨૫ માટે છાત્રાલયોમાં પ્રવેશ આપવામાં આવશે. સામાજિક ન્યાયઅને અધિકારીતા વિભાગ હેઠળની વિવિધ સરકારી છાત્રાલયો તેમજ સમરસ છાત્રાલયોમાં પ્રવેશ માટે ઓનલાઈન વિદ્યાર્થીઓની અરજીઓમંગાવવામાંઆવી હતી. આ અરજીઓની ચકાસણી થયા બાદ મેરીટ આધારે પ્રવેશ આપવામાં આવે છે પરંતુ ચાલુ વર્ષે વિદ્યાર્થીઓને પ્રવેશ મળી રહે તે માટે અનુસૂચિતજાતિ, અનુસૂચિત જન જાતિ, વિકસતી જાતિ અને બિન અનામત વર્ગોના વિદ્યાર્થીઓને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની ૧૫૮ સરકારી અને સમરસ છાત્રાલયોમાં પ્રથમવાર ઓનલાઈન યુ-ટયુબ પર લાઈવ પ્રસારણ કરી મેરીટ આધારે પ્રવેશ આપવાનો સંપુર્ણપારદર્શક નિર્ણય સામાજિક ન્યાયઅને અધિકારીતા મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાએ કર્યો હતો. જેનાથી વિદ્યાર્થીઓ પારદર્શક રીતે કેટેગરી વાઈઝ મેરીટ જોઈપ્રવેશ મેળવી શકશે.

આ ઓનલાઈન કાર્યક્રમમાં રાજ્ય કક્ષાના મંત્રી શ્રી ભીખુસિંહજી પરમાર, સામાજિક ન્યાયઅને અધિકારીતા, અન્ન અને નાગરિકપુરવઠા તેમજઅધિક મુખ્ય સચિવશ્રી, ખાતાનાવડાશ્રીઓ અને અધિકારીશ્રીઓહાજર રહ્યાહતા.

# THINQ 2024- ધ ઇન્ડિયન નેવી ક્વિઝ

કમલમ્ ન્યુઝ,

ભારતીય નૌકાદળ ગર્વભેર ફ્લેગશિપ ઈવેન્ટ THINQ 2024 -ધ ઈન્ડિયન નેવી ક્વિઝ, એક અનન્ય રાષ્ટ્રીય સ્તરની ક્વિઝ સ્પર્ધાના પ્રારંભની જાહેરાતકરે છે. આઈવેન્ટ આપણાસમૃદ્ધ સાંસ્કૃતિક વારસામાં ગૌરવઅને દેશભક્તિની ભાવના કેળવવાની સાથે સાથે બૌદ્ધિક વિકાસ અને યુવા દિમાગને પ્રેરણા આપવાની અનન્ય તક પૂરી પાડે છે. પ્રથમ બેઆવૃત્તિઓ એટલે કે THINQ-22 અને G20 THINQ (જેમાંગયાવર્ષેG20 દેશોની ભાગીદારી જોવા મળી હતી) ની જબરદસ્ત સફળતાએ ભારતીય નૌકાદળને પહેલ ચાલુ રાખવામાટે પ્રોત્સાહિત કર્યુંછે. આ વર્ષે, THINQ 2024ની થીમ 'વિકસિત ભારત' છે જે ભારતને આઝાદીના ૧૦૦મા વર્ષ પર ૨૦૪૭ સુધીમાં એક વિકસિત રાષ્ટ્રમાં પરિવર્તિતકરવાના ભારત સરકારનાવિઝન સાથેજોડાયેલ છે. આ સ્પર્ધા માત્ર વિદ્યાર્થીઓની સામાન્ય જાગૃતિનું પરીક્ષણ




કરવાના ખ્યાલથી આગળ વધે છે. તે યુવા દિમાગને પ્રજ્વલિત કરવા અને રાષ્ટ્ર નિર્માણ અને વધુઊંચાઈ સુધી પહોંચવામાં તેમની ભૂમિકા અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ ફેલાવવાનું એકમંચ છે. આ ઘટના હજારો યુવા દિમાગને ઉત્તેજક બૌદ્ધિકઅનુભવનું વચન આપે છે. આ સ્પર્ધા સમગ્ર દેશમાં ધોરણ ૯ થી ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓ માટે ખુલ્લીછે. તેહાઈબ્રિડ મોડમાં હાથ ધરવામાં આવશે અને સહભાગીઓનું વ્યાપક મૂલ્યાંકન સુનિશ્ચિત કરીને ચાર તબક્કામાં પ્રગટ થશે. પ્રથમ બે તબક્કા ત્રણ એલિમિનેશન રાઉન્ડ સાથે ઓનલાઈન મોડમાં શરૂ થશે અને ત્યારબાદ ઝોનલ સિલેક્શન રાઉન્ડ થશે. ટોચની ૧૬ ટીમો ઝોનલ પસંદગીના રાઉન્ડમાં ક્વોલિફાય થશે અને સેમિફાઈનલમાં આગળ વધશે. સેમિફાઈનલમાંથી આઠ ટીમોગ્રાન્ડ ફિનાલે માટે ક્વોલિફાય થશે. સેમિફાઈનલ અને ગ્રાન્ડ ફિનાલે સધર્ન નેવલ કમાન્ડ ખાતે ઓફલાઈન મોડમાં યોજાશે. આ પ્રતિષ્ઠિત સ્પર્ધાના વિજેતાઓ માટે આકર્ષક ઈનામોરાહ જોઈ રહ્યાછે. શાળાઓ માટે સીમલેસ રજીસ્ટ્રેશનને સક્ષમ અને સુવિધા આપવાઅને ઈવેન્ટ સંબંધિત વ્યાપક માહિતી પ્રદાન કરવા માટે, THINQ 2024ની સમર્પિત વેબસાઈટ, www.indiannavythinq.in, ૧૫ જુલાઈ ૨૪ નારોજ શરૂ કરવામાંઆવી હતી.

# જયદીપ શારદા મેમોરિયલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટસંચાલિત દ્વારા મહેંદી સ્પર્ધા નુંઆયોજન

કમલમ્ ન્યુઝ,

જયદીપ શારદામેમોરિયલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સરસ્વતી મહાવિદ્યાલય માં તારીખ ૧૩/૦૭/૨૦૨૪ શનિવાર ના રોજ મહેંદી સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીનીઓ ની ચિત્રકલા ની સર્જનાત્મકતા નો વિકાસ કરવામાં આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આસ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ વિવિધપ્રકારની મહેંદીકલાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું. મહેંદીકલામાં નિપુણ વિદ્યાર્થીનીઓએ ખૂબ આકર્ષક, સુંદર, સર્જનાત્મક અને સર્વોત્તમ મહેંદી મૂકી. જેમાં પ્રથમ ક્રમે તૃતીયવર્ષ બી. કોમની વિદ્યાર્થીની વર્મા પ્રિયંકા, દ્વિતીય ક્રમ પર દ્વિતીય વર્ષ બી. કોમની વિદ્યાર્થીની ચૌધરી રિંકુ અને તૃતીય ક્રમ પર પ્રથમ વર્ષ બી. કોમની વિદ્યાર્થીની યાદવ નંદની રહી. આ કાર્યક્રમ મહાવિદ્યાલયના આચાર્યા શ્રીમતી શ્યામલીજીનામાર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો. આ કાર્યક્રમને સફળ બનાવવામાંપ્રો. રિદ્ધિ સોલંકી અને અન્ય સહપ્રાધ્યાપક પ્રો. રશ્મિતા નાયક અને પ્રો.નિશારાણાનું પ્રદાન મહત્વપૂર્ણ રહ્યું.



કમલમ્ ન્યુઝ,

લાબડીયા પીએસઆઈ કે બી ખાંટ દ્વારા સાંજે ૫:૦૦ વાગે લાંબડીયા ખાતે ખેરોજ પોલીસદ્વારા મોહરમનિમિત્તે ફૂટપેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. આ આ પેટ્રોલિંગમાં ખેરોજ પીએસઆઈ કે બી ખાંટ અને પૂરો સ્ટાફ હાજર રહ્યોહતો.

# "ગુજરાત સેમીકનેક્ટ ૨૦૨૪ દ્વારા સેમિકંડક્ટર ક્ષેત્રે કૌશલ્યવર્ધન માટે ગુજરાત સજ્જ"

**"સેમિકન્ડક્ટર સપ્લાય ચેઇન્સમાં ઉભરતી તકો સાથે સ્થાનિક ઉદ્યોગોને જોડવું: ગુજરાત સેમિકનેક્ટ ૨૦૨૪ ના કેન્દ્રમાં સેમિકંડક્ટર ઇકોસિસ્ટમ"**

**"માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ૧૯મી જુલાઈ, ૨૦૨૪ના રોજ મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર ખાતે સેમિકનેક્ટ કોન્ફરન્સનું ઉદ્ઘાટન અને અધ્યક્ષતા કરશે"**

કમલમ્ ન્યુઝ,

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાદૂરંદેશી નેતૃત્વ હેઠળ, ભારતસરકારે સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈન માટે ભારતને વૈશ્વિક હબ તરીકે સ્થાપિત કરવા અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા ૧૦ બિલિયન અમેરિકન ડોલરનો સેમિકોન ઈન્ડિયા પ્રોગ્રામ શરૂ કર્યો છે. સેમિકોન વિઝનથી પ્રેરિત અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નિર્ણાયક નેતૃત્વ હેઠળ, સમર્પિત સેમિકન્ડક્ટરની નીતિ જાહેર કરનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે. જે અંતર્ગત પ્રમોશનલ પ્રવૃત્તિઓ તેમજ સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ફેબ સુવિધાઓ માટે રાજ્ય તરફથી વધારાનીસહાય પણ કરવામાંઆવે છે. આ સક્રિય પગલાંને કારણે રોકાણકારોનાવિશ્વાસમાં નોંધપાત્ર વધારો થયો છે, જેનાથી સમગ્ર ભારતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ગુજરાતરાજ્ય અગ્રેસર બન્યું છે. ઈન્ડિયા સેમિકન્ડક્ટર પ્રોગ્રામ હેઠળ ગુજરાતમાં ૧૪ બિલિયન અમેરિકન ડોલરથી વધુનું રોકાણ થવા જઈ રહ્યું છે. સેમિકન્ડક્ટર્સ સબસ્ટ્રેટ, રસાયણો, વાયુઓ, ધાતુઓ, સાધનો અને ડાઉનસ્ટ્રીમ એપ્લિકેશન્સ જેવા ક્ષેત્રોને સમાવે છે. તેની પૂર્વજરૂરીયાતો અદ્યતન લોજિસ્ટિક્સ, ઉપયોગિતાઓ અને માનવ સંસાધન છે. ગુજરાત કાર્યક્ષમતા અને સ્પર્ધાત્મકતા વધારવા માટે વિશિષ્ટ લાભ ધરાવે છે. ગુજરાત સેમીકનેક્ટ ટોચની સેમિકન્ડક્ટર કંપનીઓ અને સ્થાનિક ઉદ્યોગોને એકબીજા સાથે જોડશે. ગુજરાત સરકાર ૧૯મી જુલાઈ, ૨૦૨૪ના રોજ મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર ખાતે ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સનું આયોજન કરી રહી છે. કોન્ફરન્સનું ઉદ્ઘાટન માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવશે અને વિશ્વભરના અગ્રણી સેમિકન્ડક્ટર સપ્લાય-ચેઈન ઉદ્યોગોના ટોચના અધિકારીઓની સહભાગિતાના સાક્ષી બનશે. માઈક્રોન ટેકનોલોજી, ટાટા ઈલેક્ટ્રોનિક્સ અને સીજી પાવર, ત્રણ મંજૂર પ્રોજેક્ટના સમર્થકો જે ગુજરાતમાં તેમની સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીનું નિર્માણ કરી રહેલ છે, તે કોન્ફરન્સ માટે સરકારસાથે નોલેજ પાર્ટનર્સ તરીકે સહયોગ કરી રહ્યા છે. ઈન્વેસ્ટ ઈન્ડિયા અને ISM (ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન) પણ નોલેજ પાર્ટનર્સ તરીકે કોન્ફરન્સમાં ભાગ લઈ રહ્યા છે. ગુજરાતસેમીકનેક્ટ ૨૦૨૪નો પ્રાથમિક ઉદ્દેશ્ય રાજ્યમાં વધતીજતી સેમીકન્ડક્ટર ઈકોસિસ્ટમમાં એકીકૃત થવા માટે સ્થાનિક ઉદ્યોગોને તેમની પ્રોડક્ટ લાઈનને વિસ્તૃત કરવા અને વૈવિધ્યીકરણ કરવા પ્રોત્સાહન આપવા, પ્રોત્સાહિત કરવા અને સુવિધા આપવાનો છે. આ કોન્ફરન્સ આ મુખ્ય પ્રોજેક્ટના સમર્થકો વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયાઓને જોડવા માટે એક પ્લેટફોર્મતરીકે કામકરશે. આ કોન્ફરન્સ રસાયણ, ગેસ, ઓટોમેશન, ઈલેક્ટ્રોનિક્સ, આઈટી અને અન્ય સંલગ્ન ક્ષેત્રોમાં કામ કરતા સ્થાનિક ઉદ્યોગો અને પરિયોજનાના હિમાયતીઓને જોડતી કડી તરીકે કામ કરશે. કોન્ફરન્સમાં ઉદ્યોગ જગતના દિગ્ગજો જેમ કે શ્રી રણધીર ઠાકુર સીઈઓ, ટાટાઈલેક્ટ્રોનિક્સ, શ્રી અરુણ મુરુગપ્પન એક્ઝિક્યુટિવ ચેરમેન, ટ્યુબ ઈન્વેસ્ટમેન્ટ્સઅને શ્રી ગુરશરણ સિંઘ એસવીપી, માઈક્રોન સહિત અન્ય ઘણા મહાનુભાવોભાગલેશે. ડાયરેક્ટર જનરલ તાઈવાન ઈકોનોમિક એન્ડ કલ્ચરલ સેન્ટર (TECC) શ્રી હોમર ચાંગ આ પ્રસંગે વિશેષ સંબોધન કરશે. જેટ્રો (જાપાન એક્સટર્નલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન) અને કોટ્રા (કોરિયા ટ્રેડ-ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એજન્સી) કોન્ફરન્સ માટે જાણીતા આંતરરાષ્ટ્રીય નોલેજ પાર્ટનર્સ છે. ગુજરાતના ઊભરતાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ સેક્ટરની પૃષ્ઠભૂમિ સામે રચાયેલી આ કોન્ફરન્સ, બિઝનેસ-ટુ-બિઝનેસ (B2B) અને બિઝનેસ-ટુ-ગવર્નમેન્ટ (B2G) મીટિંગ્સ માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે જે સ્થાનિક પ્લેયર્સને બિઝનેસ લીડર અને સરકારી અધિકારીઓ સાથે સીધા જોડે છે. આ પહેલ તકનીકી નવીનતાઅને ઉદ્યોગસહયોગ માટે અનુકૂળ વાતાવરણને ઉત્તેજન આપવા રાજ્યની પ્રતિબદ્ધતાનું પ્રમાણપત્ર છે, જેનાથી વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈનમાં સ્થાનિક ઉદ્યોગોનું એકીકરણ થાય છે.

ગુજરાત સેમીકનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૪નોઉદ્દેશ્ય રાજ્ય અને ભારતના સેમિકન્ડક્ટર સેક્ટરમાં વૃદ્ધિ, ભાગીદારી અને ઉન્નતિ માટેની અસંખ્ય તકોને ખોલવાનો છે. કેટલાકસ્થાનિક અને રાષ્ટ્રીયઔદ્યોગિક સંગઠનો જેમ કે ISEA, ELCINA, ICEA, ICC, GCA, CII, FICCI, ASSOCHAM, GCCI, KCCI, SIA, SGCCI, GESIA, VCCI અનેરાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશન (REC) કોન્ફરન્સ માટે સક્રિય ભાગીદારીસાથે સહયોગકરી રહ્યાં છે. આ પ્રસંગેવરિષ્ઠ અધિકારીઓ, ગુજરાતના મુખ્ય સચિવ શ્રી રાજ કુમાર, MeitYના સચિવ શ્રી એસ. કૃષ્ણન ઉપસ્થિત રહેશે. કોન્ફરન્સની રચના આઠ થીમ આધારિત સત્રો સાથે કરવામાં આવી છે, જે સેમિકન્ડક્ટર ઉદ્યોગમાંનિર્ણાયક ક્ષેત્રોપર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ સત્રો સહભાગીઓવચ્ચે ઊંડાણપૂર્વકની ચર્ચાઓ અને જ્ઞાનના આદાનપ્રદાન ને પ્રોત્સાહન આપવામાટે રચાયેલ છે. આ સત્રોમાંઉચ્ચ ગુણવત્તાયુક્ત અને ચોકસાઈવાળા ફેબ ઉત્પાદન અને ક્લીનરૂમ, સેમિકન્ડક્ટરના સાધનોનું સ્થાનિકીકરણ, ચિપ ડિઝાઈન પદ્ધતિઓ અને સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં રસાયણો અને ગેસ માટે સપ્લાય ચેઈન મેનેજમેન્ટ જેવીબાબતોને આવરી લેવામાં આવશે. આગામી સત્રોમાં ગુજરાતને ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ સર્વિસ હબમાં રૂપાંતરિત કરવા, વિવિધ ઉદ્યોગોમાં સેમિકન્ડક્ટર્સની એપ્લિકેશન અને ઉપયોગનો વ્યાપ વધારવા અને પર્યાવરણીય અને સલામતીબાબતો પર ધ્યાન કેન્દ્રિત કરીને રસાયણો અને ગેસનાજવાબદાર સંચાલનને સુનિશ્ચિત કરવા અંગે ચર્ચા કરવામાં આવશે. વધુમાં, સેમિકન્ડક્ટર ક્ષેત્રને ટેકો આપવા માટે લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા વધારવા અને સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં માનવ સંસાધન વ્યવસ્થાપન અને ક્ષમતા નિર્માણના મહત્વને પ્રકાશિત કરવા પર ચર્ચા કરવામાં આવશે. આ કોન્ફરન્સ સહભાગીઓને તેમની કામગીરી વધારવા, નવીનતાને પ્રોત્સાહન આપવાઅને વ્યૂહાત્મક ભાગીદારી બનાવવા માટે મૂલ્યવાન આંતરદૃષ્ટિ અને તકોપ્રદાન કરશે. આ સત્રોમાં ભાગ લઈને ઉપસ્થિત લોકો પ્રતિસ્પર્ધાત્મક પ્રગતિ કરી શકશે. ઉદ્યોગના વિકાસમાં ફાળો આપી શકે છે અને સેમિકન્ડક્ટર ક્ષેત્રની જટિલતાઓને સારી રીતે સમજી શકશે.

### ગુજરાતમાં સીમાચિહ્નરુપ રોકાણ

### માઇક્રોન, TEPL, અને CG પાવર

ગુજરાત સેમીકનેક્ટ ૨૦૨૪માં ઉદ્યોગ જાયન્ટ્સ માઈક્રોન, TEPL અને CG પાવર મોખરે છે, જે નોંધપાત્ર સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સમાંઅગ્રણી છે જે ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રમાં ક્રાંતિ લાવવાનું વચનઆપેછે. આ કોન્ફરન્સ રાજ્યની સેમિકન્ડક્ટર માંગને કેમિકલ્સથી લઈને IT સુધીના સ્થાનિક ક્ષેત્રો સાથેજોડાવા માટે તથા વિસ્તરણ અને વૈવિધ્યકરણને આગળ ધપાવવામાટે એક મહત્વપૂર્ણ કડીબનનાર છે.

### ગુજરાત સેમિકનેક્ટ ૨૦૨૪ ની મુખ્ય વિશેષતાઓ

- **ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ઉદ્ઘાટન.**
- **કીનોટ્સ અને પેનલ ચર્ચાઓ દર્શાવતા ૮ વિષયોનું સત્ર.**
- **૨૦ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની ભાગીદારી.**
- **મુખ્ય રાષ્ટ્રીય અને વૈશ્વિક ઉદ્યોગ અગ્રણીઓ સાથે જોડાણ.**

# FSSAI માટે ગ્રાહકો, ઉદ્યોગ અને હિસ્સેદારોને માત્ર નિયમનકારી મુદ્દાઓ પર જ નહીં પરંતુ સ્વસ્થ આહારની આદતો માટે વર્તનમાં ફેરફાર કરવા માટે સંવેદનશીલ બનાવવા માટે મહત્વપૂર્ણ: શ્રી જેપી નડ્ડા

**કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી જે પી નડ્ડાએ FSSAI દ્વારા હાથ ધરવામાં આવેલી વિવિધ પહેલોની સમીક્ષા કરી; ખાદ્ય સુરક્ષાના ક્ષેત્રમાં લીધેલ "નોંધપાત્ર છલાંગ"ની પ્રશંસા કરી**






**"ચાલો આપણે સક્રિય આગેવાની લઈએ અને ઉદ્યોગ અને હિતધારકો સાથે વાતચીત કરીએ અને તેમને અમારી તંદુરસ્ત આહારની પહેલ અને પ્રયત્નોમાં અમારા ભાગીદાર બનાવીએ"**

## આરોગ્ય પ્રધાન નાગરિકોની સુખાકારીમાં ખાદ્ય સુરક્ષાની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકે છેઃશ્રી નડ્ડા

કમલમ્ ન્યુઝ,

"પુરાવા આધારિત માહિતી દ્વારાવિવિધ ખાદ્યસુરક્ષાના મુદ્દાઓ પર ગ્રાહકો અને નાગરિકોને સશક્ત બનાવવુંમહત્વપૂર્ણ છે. તે પછી જ આપણું કાર્ય સંપૂર્ણતામાં પૂર્ણ થશે". કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડાએઆજે ફૂડસેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટીઓફ ઈન્ડિયા (FSSAI)નાં મુખ્યાલયમાં પોતાની સમીક્ષા બેઠક દરમિયાન આ જાણકારી આપી હતી. નાગરિકોની સુખાકારીમાં ખાદ્ય સુરક્ષાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકીને તેમણે તેનાં મહત્ત્વ પર ભાર મૂકીને FSSAI ને ગ્રાહકો, ઉદ્યોગ અને હિતધારકોને માત્ર નિયમનકારી મુદ્દાઓ પરજ નહીં, પણ સ્વસ્થ આહારની ટેવો વિકસાવવા વર્તણૂકમાંપરિવર્તન પર પણ સંવેદનશીલબનાવવા અપીલ કરીહતી. તેમણે ધ્યાન દોર્યું હતું કે, નિયમનકારીમુદ્દાઓ FSSAIનો મહત્ત્વપૂર્ણ આદેશ છે, ત્યારે ખાદ્ય સુરક્ષાનો ઉદ્દેશફક્ત ખાદ્ય સુરક્ષાનાં વિવિધ પાસાંઓ પર ઉપભોક્તાઓનાં સંચાર અને સંવેદનશીલતા સાથે જ પૂર્ણ થઈ શકે છે. "ભારત જેવા વિશાળ દેશમાં, જુદા જુદા પ્રદેશોમાં આહારની વિવિધ આદતો અને પસંદગીઓ છે. ચાલો આપણે તેમની વર્તણૂકો વિશેની આપણી સમજને વિસ્તૃત કરીએ. આનાથી અમને આ વિવિધતાઓ સાથે સુસંગત અમારી નીતિઓ ઘડવામાં મદદ મળશે, એમ તેમણે જણાવ્યું હતું. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીને FSSAI નાંસીઈઓશ્રી જી કમલા વર્ધન રાવદ્વારા FSSAI દ્વારાહાથ ધરવામાંઆવેલીવિવિધપહેલો પર ટૂંકમાં જાણકારી આપવામાં આવી હતી. અધિકારીઓને સંબોધન કરતાં શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે, "વર્ષ ૨૦૧૬માં FSSAI ની મારી અગાઉની મુલાકાત પછી મેં જોયું છે કે, FSSAI એ તમામ પાસાંઓમાં મોટી હરણફાળ ભરી છે."તેમણે FSSAI નેઆસર્વાંગી વિકાસ માટે અભિનંદન પાઠવ્યા હતા અને ખાદ્ય સુરક્ષા પ્રણાલીને મજબૂત કરવા,વર્તણૂકમાં ફેરફારને પ્રોત્સાહન આપવા અને તમામ હિતધારકોને સંવેદનશીલ બનાવવામાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવવાબદલ અભિનંદન પાઠવ્યા હતા. શ્રી જેપીનડ્ડાએબાજરીઅને કોડેક્સ ધારાધોરણો જેવા ક્ષેત્રોમાં FSSAIના નેતૃત્વની પણ પ્રશંસા કરી હતી. તેમણે શેરી વિક્રેતાઓને તાલીમ અને સજ્જ કરવાની તેમની પહેલની પ્રશંસા કરી હતી અને ભારપૂર્વકજણાવ્યું હતુંકે, ગ્રાહકોને સશક્ત બનાવવા મહત્વપૂર્ણ છે. "ફૂડ સેફ્ટીનો મુદ્દો FSSAI પર મોટી જવાબદારી છે. ચાલો, આપણે આ ક્ષેત્રમાં વૈશ્વિક નેતાઓ બનીએ." તેમણે શ્રી-એન તરીકે ઓળખાતા મિલેટ પર વ્યાપક જાગૃતિ ફેલાવવા બદલ પણ તેમની પ્રશંસા કરી હતી. કેન્દ્રીય મંત્રીએ વૈશ્વિક માપદંડો વિકસાવવા, મજબૂત ટેસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થાપના અને ઈટ રાઈટ ઈન્ડિયા અભિયાનજેવીપહેલોશરૂ કરવામાં FSSAIના યોગદાન પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે ખાદ્ય સુરક્ષાના ઉભરતા પ્રવાહોને સંબોધિત કરવા, ખેતીની સ્થાયી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવાઅને ખાદ્યસુરક્ષાવ્યવસ્થાપનને વધારવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ ઉદ્યોગઅને હિતધારકોસાથે સક્રિય સંવાદની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે FSSAI ને વિનંતી કરી હતીકે, "ચાલોઆપણે સક્રિય આગેવાનીલઈએ અને ઉદ્યોગ અને હિતધારકો સાથે વાતચીત કરીએ તથા તેમને આપણી તંદુરસ્ત આહારની પહેલો અને પ્રયાસોમાં ભાગીદાર બનાવીએ." શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે, તમામ રાજ્યોને અખિલ ભારતીય ધારાધોરણોનાં એકજ મંચપર લાવવામાંઆવે એ સુનિશ્ચિત કરવા માટે તેમની શક્તિઓ, મર્યાદાઓ અને પડકારોનું મૂલ્યાંકન કરવું મહત્ત્વપૂર્ણછે. ચાલોઆપણે તેમના વ્યક્તિગત મુદ્દાઓને સમજીએ જેથી આપણે તેમને ટેકો આપી શકીએ અને તેમના પ્રયત્નોને મજબૂત બનાવી શકીએ, એમ તેમણેજણાવ્યું હતું. કેન્દ્રીય આરોગ્ય પ્રધાને FSSAI પરિસરમાંકેરીના રોપાનું વાવેતર પણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન કેટલીક મહત્ત્વપૂર્ણ પહેલો હાથ ધરવામાં આવી હતી, જેમાં માઈક્રોબાયોલોજીકલ સલામતી સુનિશ્ચિત કરવા માટે મહત્ત્વપૂર્ણ સંદર્ભ 'મેન્યુઅલ ઓન મેથડ્સ ઓફ એનાલિસિસ ઓફ ફૂડ્સ - માઈક્રોબાયોલોજીકલ એક્ઝામિનેશન ઓફ ફૂડ્સ'ને બહાર પાડવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, કેન્દ્રીય આરોગ્ય પ્રધાન દ્વારા 'ગાઇડ ફોર ફૂડ એનાલિસિસ-એફએસએસએક્ટ, ૨૦૦૬ મુજબ ટેસ્ટ રિપોર્ટ્સ પર અભિપ્રાય, નિયમો અને નિયમો હેઠળ બનાવવામાં આવ્યા છે'નો પણ પ્રારંભ કરવામાં આવ્યો હતો. ખાદ્યસુરક્ષા પદ્ધતિઓ વિશે લોકોમાં જાગૃતિ લાવવા માટે, 'ફૂડ સેફ્ટી બાઈટ્સ' સોશિયલ મીડિયા પ્રભાવકોને દર્શાવતી આકર્ષક વિડિઓઝની એક શ્રેણી, શરૂ કરવામાં આવી હતી. તદુપરાંત, આરોગ્યમંત્રીના હસ્તેખાદ્ય સુરક્ષા નિયમોને અસરકારકરીતે અમલમાં મૂકવામાં અધિકારીઓને ટેકો આપવા માટે રચાયેલ 'મેન્યુઅલ ફોર ફૂડ સેફ્ટી ઓફિસર્સ'નું પણ અનાવરણ કરવામાં આવ્યુંહતું. આ બેઠકમાં આરોગ્ય મંત્રાલય અને FSSAIના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાદેશિક અને શાખા કચેરીઓમાંથી ૧૦૦૦થી વધુ અધિકારીઓ વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા.





**શ્રી નડ્ડા ખાદ્ય સુરક્ષા મુદ્દાઓ પર પુરાવા આધારિત માહિતી સાથે ગ્રાહકોને સશક્ત બનાવવાની મહત્વપૂર્ણ જરૂરિયાત પર ભાર મૂકે છે**

# 'વન નેશન, વન ટ્રાન્ઝિટપાસ' સિસ્ટમ આંતર રાજ્ય વન પેદાશોના પરિવહન માટેના 'વાહતુક પાસ'થી વેપાર-પરિવહનમાં વધુ ઝડપ-પારદર્શકતાની સાથે ખેડૂતોની આવક વધશે:વન મંત્રી શ્રી મૂળુભાઈ બેરા

**ગાંધીનગરથી વન મંત્રી શ્રી મૂળુભાઈ બેરાના અધ્યક્ષ સ્થાને અને રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'રાષ્ટ્રીય પરિવહન પાસ' પ્રણાલી માટેના વેબ પોર્ટલ-મોબાઈલ એપનો ગુજરાતમાં આજથી અમલ**




**'રાષ્ટ્રીય પરિવહન પાસ' પ્રણાલીના ફાયદા**

- વન પેદાશના પરિવહનના હેતુથી સમગ્ર ભારત માટે એક જ 'વાહતુક પાસ'
- પેપર આધારિત પાસને બદલે ઊઇ કોડ ધરાવતા પાસ ઇસ્યુ કરાશે
- વન વિભાગની કચેરીમાં ગયા વિના ઘરે બેઠા પાસ મેળવી શકાશે
- વિવિધ ચેક પોસ્ટ પર ખેડૂતો અને વેપારીઓને પડતી મુશ્કેલીઓના આધુનિક ટેકનોલોજી આધારિત નિરાકરણ
- ખેડૂતો દ્વારા ખાનગી જમીન પર ઉગાડવામાં આવતી પ્રજાતિઓ માટે સરળતાથી ઓનલાઈન અરજી કરી શકાશે.

કમલમ્ ન્યુઝ,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'ડિજિટલ ઈન્ડિયા'ના સ્વપ્નને સાકાર કરવા દેશમાં વન પેદાશોના વહનમાં વધુ સરળતા તેમજ ઝડપ આવે તે માટે 'વન નેશન, વન ટ્રાન્ઝિટ પાસ' સિસ્ટમ અમલી બનાવવામાં આવી છે. ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાનેતૃત્વમાં 'વનનેશન, વન ટ્રાન્ઝિટ પાસ' સિસ્ટમ અંતર્ગત આંતર રાજ્ય વન પેદાશોના પરિવહન માટેના 'ઈ-વાહતુક પાસ'ના અમલથી વેપાર તેમજ પરિવહનમાં વધુ ઝડપ-પારદર્શકતાની સાથે ખેડૂતો-વેપારીઓની આવકવધશે તેમ,વન અને પર્યાવરણ મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું. વન મંત્રી શ્રી મૂળુભાઈ બેરાના અધ્યક્ષ સ્થાને તેમજ વન રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગરથીકેન્દ્રની 'રાષ્ટ્રીય પરિવહન પાસ' પ્રણાલી માટેના ડેસ્કટોપ આધારીત વેબ પોર્ટલ તેમજ મોબાઈલ એપ્લિકેશનનો ગુજરાતમાં આજથી અમલ કરવામાં આવ્યો હતો. વન મંત્રી શ્રી મૂળુભાઈએ 'રાષ્ટ્રીય પરિવહન પાસ' પ્રણાલી અંગે વધુ વિગતો આપતા કહ્યું હતું કે,જયારે એક રાજયથી બીજા રાજયમાં વન પેદાશો લઈ જવામાંઆવે છે ત્યારે બોર્ડર-ચેકપોસ્ટઉપર જે તે રાજ્યના નિયમો મુજબ રકમ વસૂલ કરી નવેસરથી ટ્રાન્ઝિટ પાસ ઈસ્યુ કરવાનીપ્રથા અમલમાંહતી. દરેક રાજ્યના નિયમો/ટ્રાંસિટ પાસની રકમ તેમજ સત્તાવાર ભાષા અલગ હોવાથી વન પેદાશોના વાહતુકમાં બાધા અનુભવાતી હતી. આ વહીવટી મુશ્કેલીઓનિવારવા માટે કેન્દ્ર સરકારદ્વારા 'One Nation, One Transit Pass'ના હેતુથી 'રાષ્ટ્રીય પરિવહન પાસ પ્રણાલી'ના અભિગમને શરૂ કરવામાં આવ્યો છે. આ સિસ્ટમ ખાનગી જમીનો, સરકારી, ખાનગી ડેપો અને અન્ય વન પેદાશોનું અંતરરાજ્ય અને આંતર રાજ્ય પરિવહન માટે ટ્રાન્ઝિટ પાસે દેખરેખ અને રેકોર્ડ રાખવામાં મદદ કરે છે. વન મંત્રીશ્રીએ નેશનલ ટ્રાન્ઝિટ પાસ સિસ્ટમની મુખ્ય વિશેષતાઓ અંગે કહ્યું હતુંકે, આ ડેસ્કટોપ આધારિત વેબ પોર્ટલ તેમજ મોબાઈલ એપ્લિકેશન (.apk) તરીકે ઉપલબ્ધ છે. વેબ-પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશન દ્વારા અધિકૃત વન પેદાશો માટે ટ્રાન્ઝિટ પાસ-(TP) અથવામુક્તિ આપેલ જાતો માટેનો ઓબ્જેક્શન સર્ટિફિકેટ -(NOC) માટેની અરજીઓની ઓનલાઈન નોંધણી અને સબમિશન કરી શકાય છે. ખેડૂત મિત્રો દ્વારા ખાનગી જમીન પર ઉગાડવામાં આવતી પ્રજાતિઓ માટે સરળતા થી ઓનલાઈન અરજી કરી શકાય છે. વિવિધ જાતિઓની શ્રેણીના આધારે ટ્રાન્ઝિટ પાસે અથવા એનઓસી ઓનલાઈન ઈસ્યુ કરવામાંઆવે છે. આ ઉપરાંત ટ્રાન્ઝિટ પાસદીઠ રકમ રૂ. ૨૦ જે અગાઉ રોકડમાં લેવામાં આવતી હતીજે બંધ કરીહવે પોર્ટલ અથવા મોબાઈલ એપમાં સંપૂર્ણ રીતે ઓનલાઈન પેમેન્ટપદ્ધતિથી લેવામાં આવશે. મંત્રીશ્રીએસિસ્ટમના મુખ્ય ફાયદા સમજાવતા કહ્યું હતુ કે, લાકડું અને અન્ય ગૌણ વન પેદાશો માટે ભૌતિકરીતે વન કચેરીઓમાં ગયા વિના ઘરે બેઠા ઝડપથી પાસ ઈસ્યુ થશે. મેન્યુઅલ પેપર આધારિત ટ્રાન્ઝિટ પાસને બદલે ઊઇ કોડ ધરાવતા પાસ ઈસ્યુ કરવામાં આવે છે. વેપાર કરવામાં સરળતા ખાતર વન પેદાશોના પરિવહન માટે હવે સમગ્ર ભારત માટે એક જ પાસની જરૂરીયાત રહેશે. મોબાઈલ એપની મદદથી રાજ્યની સરહદોથી મૂળ સ્થાનથી ગંતવ્ય સુધી કોઈપણ પ્રકારની અડચણ વગર પરિવહન શક્ય બનશે. લાકડા આયાતકારો, ઉત્પાદકો, ખેડૂતો અને ટ્રાન્સપોર્ટરોને પાસમેળવવામાં અને ફોરેસ્ટ ચેકપોસ્ટપર થતીવિલંબ ને નિવારણ થશે. 'Ease of Doing Business'નાપરિણામે અગ્રોફોરેસ્ટ્રી પ્રવૃત્તિઓને વધુ પ્રોત્સાહન મળશે. આ સાથે પરિવહન ખર્ચ અને સમયની બચતથી ખેડૂતો અને વેપારીઓને ફાયદો થશે તેના બદલામાં ખેડૂતોની આવક વધારવામાં મદદ થશેતેમ,મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, નેશનલ ટ્રાન્ઝિટ પાસ સિસ્ટમ-NTPSની કાર્ય પદ્ધતિ મુજબ અરજદાર દ્વારા સૌ પ્રથમ ઓનલાઈન અરજી કરવાની રહેશે. સક્ષમ સત્તાધિકારીદ્વારા વન પેદાશની ચકાસણી બાદ ઓનલાઈન વાહતુક પાસ ઈસ્યુ કરવામાં આવશે. રૂટમાં સંબંધિત ચેક પોસ્ટ પર પાસની ઓનલાઈન ચકાસણી બાદ વન પેદાશની લઈ જવાની અનુમતિ આપવામાં આવશે. આ સમગ્રકાર્યવાહીનું વેબ પ્લેટફોર્મ https://ntps.nic.in/ ઉપર સતત મોનીટરીંગ પણ કરવામાં આવશે. આ પ્રસંગે વન વિભાગના અગ્ર સચિવ શ્રી રમેશ મીના, હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ શ્રી યુ. ડી. સિંઘ, સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સરકારી હોસ્પિટલના તબીબો અને મેડીકલ સ્ટાફના હિતમાં રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

**સરકારી હોસ્પિટલોને મળતી PMJAYની આવકમાંથી હોસ્પિટલોના ડોક્ટર, પેરામેડીકલ અને અન્ય સપોર્ટ સ્ટાફને અપાતા ઇન્સેન્ટીવમાં કરાયો ૧૦ ગણો વધારોઃ પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ**

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણયો અંગે પ્રેસ-મીડિયાને માહિતી આપતા પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) અંતર્ગત સરકારી હોસ્પિટલોમાં લાભાર્થીઓને અપાતી સારવારનું ધોરણ વધારવા રાજ્ય સરકારે મહત્વપૂર્ણનિર્ણય કર્યોછે. સરકારી હોસ્પિટલોને મળતી PMJAYની આવકમાંથીહોસ્પિટલોના ડોક્ટર, પેરા-મેડીકલ સ્ટાફ અને અન્ય સપોર્ટ સ્ટાફનેઅપાતાઈન્સેન્ટીવમાં મોટા પ્રમાણમાં વધારો કરવાનો રાજ્ય સરકારેનિર્ણય કર્યોછે. હાલ મળતા ઈન્સેન્ટીવમાં આશરે ૧૦ થી ૧૫ ગણો વધારો થશે. મંત્રી શ્રી ઋષિકેશ પટેલે વધુ વિગતો આપતા ઉમેર્યું હતુંકે, અગાઉ PMJAYના કુલ લાભાર્થીઓમાંફક્ત SECC (BPL યાદીવાળા) લાભાર્થીપેટે થતી આવક જ ઈન્સેન્ટીવ માટે વિતરણને પાત્ર હતી. જેમાં ફેરફાર કરી હવે ઈન્સેન્ટીવ આપવા માટે PMJAYની સંપૂર્ણ આવકને ધ્યાને લેવામાંઆવશે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં કુલ આવકના ૨૫ % શેયર થશે. આણંદ, મહેસાણા, જામનગર, નવસારી જેવા મુખ્ય શહેરોના નજીક આવેલ જિલ્લાની હોસ્પિટલોમાં શેયર ૩૫ % રહેશે, જયારે રાજયના આદિજાતિ વિસ્તારનાજિલ્લાઓ, અંતરિયાળ વિસ્તારવાળા જિલ્લાઓમાં શેયર ૪૦% થશે.

તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં PMJAY અંતર્ગત અત્યારે થતા કુલ કલેઈમના ૧૮ ટકા કલેઈમસરકારી હોસ્પિટલમાં થાય છે. આ કલેઈમની સંખ્યાને વધારીને એક વર્ષમાં ૨૫ટકા અને બે વર્ષમાં ૩૦ટકા ઉપર લઈ જવાનું રાજ્ય સરકારનુંઆયોજન છે.





કમલમ્ ન્યુઝ,

માન. મુખ્ય મંત્રીશ્રીભુપેન્દ્રભાઈ પટેલને તેમના જન્મદિવસ પર શુભેચ્છા મુલાકાત કરી ઈશ્વરીય બળ સહ આશીર્વાદ તથા સપ્ટેમ્બર ૨૦૨૪માં બ્રહ્માકુમારી મુખ્યાલય આબુ ખાતે આયોજિત પોલિટિકલ વિંગની કોન્ફરન્સનું નિમંત્રણ આપ્યા બાદ ગ્રુપ ફોટોમાં બ્રહ્માકુમારીઝ સેક્ટર. ૨૮ ગાંધીનગર પ્રભારી આદરણીય રાજયોગીની કૈલાશ દીદીજીનીસાથેચિલોડા સેવાકેન્દ્ર પ્રભારી બ્ર. કુ.તારાબેન, કેપિટલ ઓફસેટ ગાંધીનગરના રમેશભાઈ પટેલ, પૂર્વઈસરો વૈજ્ઞાનિક રશ્મિભાઈ આચાર્ય, બ્ર. કુ. કૃપલબેન તથા ગાયત્રીબેન આચાર્ય દૃષ્ટિ ગોચર થાય છે.

# શ્રાવણ મહિનામાં દેશભરમાં ઘરઆંગણે સ્પીડ પોસ્ટ દ્વારા શ્રી કાશી વિશ્વનાથ મંદિરનો પ્રસાદ મેળવો - પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

**ટપાલ વિભાગ દ્વારા માત્ર ૨૫૧નો ઈ-મની ઓર્ડર મોકલીને ઘરે બેઠા શ્રી કાશી વિશ્વનાથ મંદિરનો પ્રસાદ મેળવો**

કમલમ્ ન્યુઝ,

૨૨મીજુલાઈથી શ્રાવણનો પવિત્રમાસ શરૂથઈ રહ્યોછે. દરેક વ્યક્તિ ઈચ્છે છે કે તે ભગવાન શિવના જ્યોતિર્લિંગના દર્શન કરી શકે અને તેમના આશીર્વાદ મેળવી શકે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શ્રી કાશી વિશ્વનાથ કોરિડોરનાઉદ્ઘાટન બાદ શ્રી કાશી વિશ્વનાથ મંદિરમાં ભક્તોની સંખ્યામાં નોંધપાત્રવધારો થયો છે. પોસ્ટ વિભાગની સ્પીડ પોસ્ટ સેવા દ્વારા, લોકો ગુજરાતસહિત દેશના કોઈપણ ખૂણામાં ઘરે બેસીને શ્રી કાશી વિશ્વનાથ મંદિરનો પ્રસાદ તેમના ઘરે બેઠા મેળવી શકે છે. શ્રાવણ મહિનામાં આ માટે ટપાલ વિભાગે ખાસ વ્યવસ્થા કરી છે. ઉપરોક્ત માહિતી અમદાવાદ રિજિયનનાપોસ્ટમાસ્ટર જનરલ



શ્રી કૃષ્ણકુમાર યાદવેઆપી હતી, જેમની તાજેતરમાં વારાણસી થી અહીંબદલી થઈ છે.પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતુંકે પોસ્ટ વિભાગ અને શ્રી કાશી વિશ્વનાથ મંદિર ટ્રસ્ટ વચ્ચે થયેલા કરાર હેઠળ, દેશના કોઈપણ ખૂણામાં રહેતા ભક્તો સ્પીડપોસ્ટ દ્વારા શ્રી કાશી વિશ્વનાથ મંદિરમાંથી પ્રસાદ મંગાવી શકે છે.

**શ્રી કાશી વિશ્વનાથ પ્રસાદની સામગ્રી**

પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે પ્રસાદમાં શ્રીકાશીવિશ્વનાથજ્યોતિર્લિંગની છબી, મહામૃત્યુંજય યંત્ર, શ્રી શિવ ચાલીસા, રૂદ્રાક્ષની ૧૦૮ માળા, માતા અન્નપૂર્ણા, ભભૂતિ, રક્ષા સૂત્ર, ભોલે બાબાની છબી કોતરવામાં આવેલ સિક્કો શામેલ છે. ડ્રાય ફ્રૂટ્સ, મિશ્રી પેકેટ વગેરે. પ્રસાદ ડ્રાય હોવાથી તેનો લાંબા સમય સુધી ઉપયોગ કરી શકાય છે.

આ સેવાનો લાભ લેવા માટે, ૨૫૧ નો ઈ-મની ઓર્ડર નજીકની પોસ્ટ ઓફિસમાંથી સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ,વારાણસી(પૂર્વ) વિભાગ-૨૨૧૦૦૧ના નામે મોકલવાનો રહેશે. ઈ-મની ઓર્ડર મળતાની સાથે જ સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદ તરત જ સરનામે મોકલવામાં આવશે. પેકેજ્ડ પ્રસાદ ટેમ્પર પ્રૂફ એન્વલપમાં હશે, જેના પર વારાણસીના ઘાટ પર જારી કરાયેલ ટપાલટિકિટની પ્રતિકૃતિ અંકિત છે. તેમાં કોઈપણ રીતે ચેડા થઈ શકે નહીં. તેમણે એમપણ ઉમેર્યુંહતું કે ટપાલ વિભાગે એવી વ્યવસ્થા પણ કરી છે કે ભક્તોને એસએમએસ દ્વારા મોબાઈલ નંબર પર સ્પીડ પોસ્ટની વિગતો મળી શકે. આ માટે ઈ-મની ઓર્ડરમાં તેમનું પૂરું સરનામું, પિન કોડ અને મોબાઈલ નંબર લખવો ફરજિયાત રહેશે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028